# વલસાડમાં બે લાખ ટન કેરીનું ઉત્પાદન

**ધરમપુર** માર્કેટમાં કેરી સિઝન દરમિયાન ૮થી ૧૦ હજાર સ્થાનિક આદિવાસીઓને રોજગારી મળે છે

**સમગ્ર** ગુજરાતમાં વલસાડ જિલ્લામાં સૌથી વધુ વિસ્તારમાં આંબાપાકનું વાવેતર

વલસાડઃ વલસાડ જિલ્લો સમગ્ર ગુજરાત અને ભારતભરમાં તેની ઉત્કૃષ્ટ ગુણવત્તાવાળી કેરીઓ, ખાસ કરીને હાફૂસ (Apphonso) અને કેસર માટે વિશ્વવિખ્યાત છે. વલસાડની ભૌગોલિક પરિસ્થિતિ અને વાતાવરણ કેરી પાક માટે આશીર્વાદરૂપ ગણાય છે. વલસાડના તમામ તાલુકાઓમાં આંબાવાડીઓ આવેલી છે. પારડી, વલસાડ અને ઉમરગામ તાલુકાઓ હાફૂસ કેરી ઉત્પાદનમાં મોખરે છે. ધરમપુર, કપરાડા અને નાનાપોંઢા તાલુકાઓમાં મોટાપાયે આંબાવાડીઓનો વિકાસ થયો છે. જ્યાં પ્રાકૃતિક પદ્ધતિથી કેરીનું ઉત્પાદન કરવામાં આવી રહ્યું છે.

વલસાડ જિલ્લાના નાયબ બાગાયત અધિકારી નિકુંજ પટેલના જણાવ્યા અનુસાર, વલસાડ જિલ્લામાં ૩૯૦૭૬ હેક્ટર વિસ્તારમાં આંબાવાડીઓ આવેલી છે. જે અનુસાર વલસાડ જિલ્લામાં હજુ કેરી સિઝન ચાલુ હોવાથી વર્ષ ૨૦૨૫-૨૬ માં એક સિઝન દરમિયાન આશરે ૨૧૪૯૧૮ ટન કેરીના પાકના ઉત્પાદનનો અંદાજ છે. ૩૦૦૦૦થી વધુ હેક્ટર વિસ્તારમાં કેસર, ૪ હજારથી વધુ હેક્ટરમાં હાફૂસ અને આશરે ૧૦૦૦થી વધુ હેક્ટરમાં અન્ય સ્થાનિક કેરીની જાતો જેવી કે, રાજાપુરી, લંગડો, દશેરી, આમ્રપાલી, તોતાપુરી તેમજ દેશી કેરીના ઉત્પાદનની શકયતાઓ છે.



### ધરમપુરમાં 450 વેપારીઓ કેરીની ખરીદી કરે છે

ધરમપુર કેરી માર્કેટ દક્ષિણ ગુજરાતના સૌથી મોટા અને પ્રખ્યાત બજારો પૈકીનું એક છે. વલસાડ જિલ્લામાં થતી પ્રખ્યાત વલસાડી કેસર, હાફૂસ અને અન્ય જાતોના હોલસેલ વેપાર માટે આ મુખ્ય કેન્દ્ર છે. સિઝન દરમિયાન આ માર્કેટમાં આશરે ૪૫૦થી પણ વધુ કેરીના સ્ટોલ ઉભા કરવામાં આવે છે. માર્કેટમાં મુંબઈ, અમદાવાદ, સુરત, ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર સહિત આ જિલ્લાના સ્થાનિક વેપારીઓ મળી ૪૫૦ વધુ વેપારીઓ કેરી વ્યાપાર કરે છે. સ્થાનિક આદિવાસી ખેડૂતોથી લઈ જિલ્લાભરના બાગાયતી ખેડૂતો પોતાના કેરીના પાકને સીધા વેચાણ અર્થે આ માર્કેટમાં લાવે છે. વધુ વેપારીઓ હોવાથી દરેક ખેડૂતો પોતાની ઈચ્છા પ્રમાણે કેરીના પોષણક્ષમ ભાવ પણ મેળવે છે. અહીંથી સેંકડો ટ્રકો ભરી દેશના અન્ય માર્કેટોમાં પણ મોકલવામાં આવે છે.

### ભાવ નક્કી કરવાની અનેરી પધ્ધતિ

માર્કેટમાં કેરીની ગુણવત્તાના હિસાબે ૨૦ કિલો (૧ મણ) કેરીના ભાવો નક્કી થાય છે. કેરીનું ગ્રેડિંગ કરી ખુલ્લી હરાજી મારફતે પારદર્શક વેચાણ થાય છે. અહીં હરાજીમાં કેરીના ભાવ નક્કી કરવાની પણ અનોખી પદ્ધતિ છે. ખેડૂત અને વેપારી હાથરૂમાલ નીચે હાથ રાખી કેરીના ભાવ નક્કી કરે છે. ખેડૂત અને વેપારી ભાવતાલ કર્યા બાદ બન્ને એક સંતોષકાર ભાવ નક્કી કર્યા બાદ હાથ મિલાવી સોદો પૂરો કરે છે.

### વલસાડ જિલ્લામાંથી 1 હજાર ટન કેરીની નિકાસ

જિલ્લાની ધરમપુર અને વલસાડ એપીએમસી મારફતે અમેરિકા, યુરિપીયન દેશો તેમજ ગલ્ફ દેશોમાં કેસર અને હાફૂસ કેરીની મોટા પ્રમાણમાં નિકાસ પણ થાય છે. ધરમપુર એપીએમસી દ્વારા દરરોજ ૧૨૦ ટન અને વલસાડ માર્કેટમાંથી ૩૦ ટન કેરીની નિકાસ થાય છે. જ્યારે વલસાડ જિલ્લામાંથી સિઝન દરમિયાન આશરે ૧૦૦૦૦ ટન કેરીની નિકાસ કરવામાં આવે છે. જિલ્લામાં અન્ય તાલુકાની એપીએમસી અને ગ્રામીણ બજારો મારફતે પણ કેરી વેચાણ અને નિકાસ થાય છે. જિલ્લામાં કેરીના પલ્પ બનાવતા નાના મોટા અનેક પ્રોસેસિંગ યુનિટ્સ પણ આવેલા છે. જેમાં પણ કેરીનું વેચાણ કરવામાં આવે છે. આ યુનિટ્સ મારફતે બારેમાસ મેંગો પલ્પ (કેરીનો રસ) ઉપલબ્ધ બન્યો છે.

### રોજગારીની તક ઉભી થાય છે

ધરમપુર કેરી માર્કેટ માત્ર ખેડૂતો કે વેપારીઓ માટે જ રોજગારીનું સ્થાન નથી પરંતુ આસપાસના વિસ્તારના હજારો લોકોને પણ સીધી રોજગારી પૂરી પાડે છે. ધરમપુરના ખેડૂત આગેવાન જીવાભાઈ આહિર જણાવે છે કે, અહીં કેરી સિઝન દરમિયાન સ્થાનિક આદિવાસીઓને ઘણા સારા પ્રમાણમાં રોજગારીની તકો મળે છે. આશરે ૮૦૦૦થી ૧૦૦૦૦ જેટલા મજૂરો દરરોજ રોજગારી મેળવે છે. દેશભરના વેપારીઓ અહીં વેપાર અર્થે આવે છે સાથે સાથે ટ્રાન્સપોર્ટેશન ક્ષેત્રમાં પણ રોજગારીની તકો ઊભી થાય છે. દરરોજ હજારો નાના મોટા ટ્રાસપોર્ટેશનના વાહનોને કેરી લાવવા લઈ જવાના ભાડા મળે છે. માર્કેટમાં દરરોજ મજૂરીકામ માટે આવતા ધરમપુરના ગોરખડાના દિનેશભાઈ ફેલુભાઈ કુંવરે જણાવ્યું હતું કે, કેરી સિઝન દરમિયાન તેઓને મજૂરી કામ માટે દૂર જવું પડતું નથી. માર્કેટમાં ઝાડ પરથી કેરી બેડવાના, કેરેટ ઉંચકવાના, ટેમ્પોમાં કેરીના કેરેટ ભરવાના સહિત અનેક કામો મળે છે. નક્કી ભાવો પ્રમાણે તેઓ દિવસના આશરે રૂ.૧૨૦૦થી રૂ.૧૫૦૦ની કમાણી કરે છે. વધુ કામ હોય તે દિવસે રૂ. ૧૭૦૦થી રૂ.૧૮૦૦ સુધીની સીધી કમાણી કરે છે. તેઓ કેરીની એક સિઝન દરમિયાન આશરે રૂ. ૫૦થી ૬૦ હજાર સુધીની રોજગારી મેળવે છે.



# ખેરગામમાં નીટ પેપર લીક મુદ્દે યુથ કોંગ્રેસનો ઉગ્ર વિરોધ

**શિક્ષણ** મંત્રીના રાજીનામાની માગ સાથે ચક્કાજામ કરતા વાહનચાલકો અટવાયા

ખેરગામ: ખેરગામ દશેરા ટેકરી ગાંધી સર્કલ ખાતે યુથ કોંગ્રેસ દ્વારા નીટ પેપર લીક મુદ્દે ઉગ્ર વિરોધ પ્રદર્શન સાથે ચક્કાજામ કાર્યક્રમ યોજાયો હતો. વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે થયેલા ખેલ અને પરીક્ષા પ્રણાલીની વિશ્વસનીયતા સામે ઉભા થયેલા સવાલોને લઈને કાર્યકરોમાં ભારે રોષ જોવા મળ્યો હતો.

વિરોધ દરમિયાન કાર્યકરોએ સરકાર સામે જોરદાર નારેબાજી કરી હતી તેમજ વડાપ્રધાન તેમજ કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગ કરી હતી. રોષે ભરાયેલા કોંગ્રેસના કાર્યકરોએ જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે કોઈપણ પ્રકારનું સમાધાન સ્વીકાર્ય નથી અને જવાબદારો સામે કડક કાર્યવાહીની માંગ કરી હતી. ચક્કાજામના કારણે થોડા સમય માટે માર્ગ વ્યવહાર પ્રભાવિત થયો હતો. જેના પગલે પોલીસ પ્રશાસન તાત્કાલિક સ્થળ પર પહોંચ્યું હતું અને પરિસ્થિતિ નિયંત્રણમાં લેવા કાર્યવાહી હાથ ધરી હતી. આ કાર્યક્રમમાં મર્મિંદર સિંહ, ખેરગામ તાલુકા કોંગ્રેસ પ્રમુખ શશિનભાઈ, નવસારી જિલ્લા યુથ પ્રમુખ પૂરવ તલાવિયા, શૈલેષભાઈ, ગણદેવી વિધાનસભા પ્રમુખ સ્નેહલભાઈ, ખેરગામ તાલુકા યુથ પ્રમુખ નેહલભાઈ, ખેરગામ સરપંચ ઝરણાબેન તેમજ ઈલેશ, વિમલ, પ્રતીક, શૈલેષ, પ્રણવ પટેલ, સંજય વાઘીયા, વિપુલ વાઘીયા, સંદીપ પાટીલ, સમીરભાઈ, ધર્મેશભાઈ અને રાજુભાઈ આહિર સહિત મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતાં.

# વાપી મહાપાલિકાને મળશે આજે પ્રથમ મહિલા મેયર

**વોર્ડ** નં.4માંથી વિજેતા બનેલા દક્ષા પટેલનું નામ મોખરે

વાપી: વાપી મહાપાલિકાની રજ્જુ શ્રોફ સભા ગૃહમાં ગુરુવારે સવારે ૧૧.૩૦ કલાકે મળનારી પહેલી સામાન્ય સભામાં વાપી મનપાના મેયર, ડેપ્યુટી મેયર તેમજ કારોબારીના સભ્યો જેમાં સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનની પણ વરણી કરાશે. ભાજપ મોવડી મંડળ તરફથી જે કાઉન્સિલરના જે તે હોદ્દા માટે મેન્ડેટ આવશે ત્યાર બાદ તેમની વરણી કરાશે. આ ઐતિહાસિક સામાન્ય સભામાં મીડિયાને બહાર રખાશે તેવો ગણગણાટ શરૂ થયો છે. વાપી મનપાની પહેલી સામાન્ય સભામાં કોની પસંદગી થાય છે તે જોવું રહયું. મેયર માટે વોર્ડ નં.૧ ઉપર પછાત વર્ગ સ્ત્રી બેઠક ઉપર જીતેલા વટારના ભૂમિકાબેન સંતોષભાઈ પટેલ, વોર્ડ નં.૪ ઉપરથી જીતેલા કોળીવાડના દક્ષાબેન રાજેશભાઈ પટેલ, વોર્ડ નં.૫માં રાજમોતી-૧ છરવાડાના કવિતા સંજય દુધૈયા, વોર્ડ નં.૮ કચીગામ રોડ વાપીના પ્રિયંકા ચેતન કહાર, વોર્ડ નં.૬ ચલા મેઈન રોડના મિત્તલ મનોજભાઈ નંદાણિયા આ પૈકી કોઈ એક મહિલાને વાપી મહાનગરપાલિકાના પહેલા મેયર બનાવાનું સૌભાગ્ય પ્રાપ્ત થશે. જોકે વોર્ડ નં.૪ના દક્ષાબેન રાજેશભાઈ પટેલનું નામ સૌથી આગળ હોવાનું ચર્ચામાં છે. વાપી પાલિકામાં તેઓ એક ટર્મ રહી ચૂક્યા હોવાથી વહીવટી અનુભવ ધરાવે છે તેના કારણે ગુરુવારે તેમને પહેલા મેયર બનવાની તક મળી શકે તેમ છે.

### વાપીના લોકો માટે કોંગ્રેસ વિપક્ષની ભૂમિકા ભજવશે

વાપી મનપામાં કોંગ્રેસ વિપક્ષની મજબૂત ભૂમિકા નિભાવશે તેવું બુધવારે કોંગ્રેસ ઓફિસ ઉપર પત્રકાર પરિષદમાં વિપક્ષના નેતા તરીકે જાહેર થયેલા કાઉન્સિલર પીરૂભાઈ મકરાણીએ જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે કોંગ્રેસ લોકોના કામ થતા હશે ત્યાં શાસકોને તેમજ પ્રશાસનને સહયોગ કરશે. પરંતુ લોકોના જ્યાં કામ નહીં થાય ત્યાં કોંગ્રેસ વાપીના લોકોનો અવાજ બનશે. આ પ્રસંગે સિનિયર કાઉન્સિલર ખંડુભાઈ પટેલ તેમજ યુથ કોંગ્રેસના જિલ્લા પ્રમુખ સાદ બોગા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# ડાંગમાં બે વર્ષની બાળકીના કારણે દંપતીનો ઝઘડો સમાધાનમાં ફેરવાયો

181 અભયમ્ મહિલા ટીમે પતિ-પત્નીને સમજાવી કાયમીધોરણે અલગ થતાં બચાવ્યા

સાપુતારાઃ ડાંગ જિલ્લામાં 181 અભય મહિલા હેલ્પલાઈન પર એક મહિલાનો કોલ પ્રાપ્ત થયો હતો. કોલ દરમિયાન મહિલાએ જણાવ્યું હતુ કે તેમની બે વર્ષની બાળકી તેમના સાસરી પક્ષ દ્વારા પોતાની પાસે રાખવામાં આવી છે અને તેમને બાળકીને મળવા અથવા પોતાની પાસે પરત લાવવા આપવામાં આવતી નથી. કોલ મળતાની સાથે જ 181 અભયમ ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે મહિલા અને તેમના પતિ છેલ્લાં ત્રણ વર્ષથી પતિ-પત્ની તરીકે સાથે રહે છે અને તેમને બે વર્ષની બાળકી છે. પારિવારિક મતભેદો તથા ઘરકામ સંબંધિત નાની-મોટી બાબતોને કારણે ઘરમાં વારંવાર વિવાદો થતા હતા. છેલ્લા બે દિવસથી મહિલાને તેમના સાસરીમાંથી બહાર કાઢી મૂકવામાં આવી હતી તેમજ તેમની નાની બાળકીને સાસરી પક્ષ દ્વારા પોતાની પાસે રાખવામાં આવી હતી. મહિલા જ્યારે પોતાની બાળકીને પરત લેવા માટે ગયા ત્યારે તેમને "બાળકી પર અમારો હક છે" કહી બાળકીને સોંપવામાં આવતી ન હતી. ત્યારબાદ 181 અભયમ ટીમ દ્વારા મહિલાના પતિ તેમજ સાસરી પક્ષનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતુ અને પરિસ્થિતિને શાંતિપૂર્ણ રીતે સમજવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.ટીમ દ્વારા સમજાવવામાં આવ્યું કે દરેક મહિલાને સન્માનપૂર્વક અને સુરક્ષિત રીતે જીવન જીવવાનો અધિકાર છે. તેમજ બાળકના હિત અને તેના યોગ્ય ઉછેરને કાયદા હેઠળ વિશેષ પ્રાથમિકતા આપવામાં આવે છે. સામાન્ય રીતે નાની ઉંમરના બાળકના ઉછેર, સંભાળ અને માતૃત્વની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને માતાના હિતને પણ મહત્વ આપવામાં આવે છે. જો બાળકની કસ્ટડી (કબજો) બાબતે કોઈ વિવાદ ઉભો થાય, તો આવી બાબતો બાળકના શ્રેષ્ઠ હિતને ધ્યાનમાં રાખીને કાયદાકીય પ્રક્રિયા દ્વારા નક્કી કરવામાં આવે છે.ટીમ દ્વારા વધુમાં સમજાવવામાં આવ્યું કે પારિવારિક વિવાદોને ઝઘડા કે મતભેદ દ્વારા નહીં પરંતુ ચર્ચા, સમજણ અને પરસ્પર સહમતિથી ઉકેલવાનો પ્રયાસ કરવો જરૂરી છે. કાઉન્સેલિંગ અને સમજાવટ બાદ બાળકીને માતાને સોંપવામાં આવી હતી તેમજ પારિવારિક મતભેદો દૂર કરી પતિ-પત્ની બંનેએ શાંતિપૂર્ણ અને સુખમય જીવન જીવવાની સંમતિ વ્યક્ત કરી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### ધરમપુર જલારામ મંદિરમાં પાટોત્સવ ઉજવણી નિમિત્તે વિવિધ કાર્યક્રમો

ધરમપુર : ધરમપુરના હનુમાનફળીયા સ્થિત જલારામ મંદિરમાં આગામી તા. ૨૮ મે ૨૦૨૬, ગુરુવારના રોજ જલારામ મંદિર પાટોત્સવની ઉજવણી ભક્તિભાવપૂર્વક કરવામાં આવશે. આ પાવન પ્રસંગે વિવિધ ધાર્મિક કાર્યક્રમો તથા મહાપ્રસાદનું આયોજન હાથ ધરાયું છે. ગુરુવારના રોજ આયોજિત પાટોત્સવ કાર્યક્રમ અંતર્ગત સાંજે ૪:૩૦ કલાકે સત્યનારાયણ ભગવાનની કથા, સાંજે ૬:૩૦ કલાકે ભજન સંધ્યા તથા સાંજે ૭:૩૦ કલાકે આરતી બાદ મહાપ્રસાદનું આયોજન હાથ ધરાયું છે.

### ખેરગામ વાવ ગામના યુવકે જીવન ટૂંકાવ્યું

ખેરગામ: ખેરગામ તાલુકાના વાવ મંદિર ફળીયા વિસ્તારમાં એક યુવકે અગમ્ય કારણોસર ગળે ફાંસો લગાવી જીવન ટૂંકાવ્યાની ઘટના સામે આવી છે. વિજયભાઈ ભગુભાઈ પટેલ (ઉ.૪૩, રહે. વાવ મંદિર ફળીયા, તા.ખેરગામ) ખેતી કામ કરતા હતા. તેમણે મંગળવારે સવારે અગમ્ય કારણોસર વાવ મંદિર ફળીયા ક્રિકેટ ગ્રાઉન્ડ સામે આંબાનાં વૃક્ષની ડાળી સાથે દોરડું બાંધી ગળે ફાંસો ખાધો હતો. ઘટનાની જાણ થતા ખેરગામ પોલીસ સ્થળ પર પહોંચી હતી અને અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### પતિ સાથે મોબાઈલના મામલે ઝઘડો થતાં પત્ની ગુમ


વાપી: મૂળ મહારાષ્ટ્ર અને હાલ વાપી નજીકના છીરી દેસાઈવાડ, સૃષ્ટિ કોમ્પલેક્ષમાં મુકેશ યુવરાજભાઈ ચૌધરી (ઉ.32) રહે છે. ગત તા.22-5-26ના રોજ તેમનાં પત્ની અર્ચના (ઉ.આ.25) સાથે મોબાઈલ ફોન બાબતે બોલાચાલી થઈ હતી. જે બાદ તેઓ કામાર્થે નીકળી ગયા હતાં. બપોરના સમયે પત્ની સાથે મોબાઈલ ફોન ઉપર વાતચીત થઈ હતી. જે બાદ સાંજે તેઓ આવ્યા ત્યારે ઘરને તાળું મારેલું હતું અને પત્નીને મોબાઈલફોન કરતા સ્વીચ ઓફ આવ્યો હતો. જે બાદ તેની શોધખોળ કર્યા બાદ કોઈ પત્તો ન લાગતા મુકેશ ચૌધરીએ વાપી ડુંગરા પોલીસ મથકમાં પત્ની ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી.

### પારડી ખડકી હાઇવે પર ઢોર આવી ચઢતા ટ્રિપલ અકસ્માત



પારડી: પારડી ને.હા.નં. 48 પર બુધવારે સવારે એક પાછળ એક 3 વાહનો અથડાતા ટ્રિપલ અકસ્માત સર્જાયો હતો. પારડી ખડકી રેમન્ડ કંપની સામે હાઇવે વાપીથી વલસાડ જતા ટ્રેક પર અચાનક ઢોર આવી ચઢતા કારચાલકે બ્રેક મારી હતી. જેના પાછળ ટેમ્પો નં. ડી.ડી. 01 એમ. 9782 અથડાયા બાદ તેની પાછળ એસટી બસ નં. એમ.એચ. 20 બી.એલ. 1878 અથડાતા ટ્રિપલ અકસ્માત સર્જાયો હતો. ઘટનાને પગલે એસટી બસમાં સવાર મુસાફરોના જીવ તાળવે ચોંટ્યા હતાં. જો કે સદ્નસીબે તમામનો આબાદ બચાવ થવા પામ્યો હતો. અકસ્માત બાદ કારચાલક સ્થળ પરથી ફરાર થઇ ગયો હતો. ઘટનામાં વાહનોને નુકસાન થવા પામ્યું હતું. મોટી દુર્ઘટના બનતા ટળી હતી.

### દમણથી દારૂ ભરેલી કાર સચિન પહોંચે તે પહેલા જ પકડાઈ



પારડી: પારડી પોલીસ સ્ટેશનની ટીમે હાઇવે પર દમણીઝાપા બ્રિજ નજીક નાકાબંધી દરમિયાન દારૂ ભરેલી કાર ઝડપી પાડી એક યુવકની ધરપકડ કરી હતી. આઈ-ટેન કાર નંબર GJ-15-CN-0314 આવતા પોલીસે રોકી હતી. જેમાં તપાસ કરતા દારૂની બોટલ નંગ 1008 જેની કિં. 3.13 લાખનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે કાર ચાલક જયમીન કમલેશભાઈ પટેલ (રહે. વાપી)ને ઝડપી પાડ્યો હતો. પોલીસે ઈ-ગુજકોપ એપ પર નંબર પ્લેટની ચકાસણી કરતા ખોટી હોવાનું જણાઈ આવ્યું હતું. બુટલેગરો પોલીસને ગેરમાર્ગે દોરવા ખોટી નંબર પ્લેટનો ઉપયોગ કરતા ધરપકડ કરી હતી. વધુ પૂછપરછ કરતા દમણના ડાભેલમાંથી રાજ શર્મા નામના ઈસમ પાસેથી દારૂ ભરેલી કાર મેળવી સુરતના સચીન નજીક પહોંચાડવાના હોવાનું કબૂલ્યું હતું. પોલીસે કુલ રૂ. 7.18 લાખનો મુદ્દામાલ કબજે કરી રાજ શર્માને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે.

# વાપી ડુંગરામાં રૂ.1.90 લાખની મતા ચોરાઈ: 1 ઝડપાયો, 3 વોન્ટેડ



વાપી: વાપી ડુંગરા સનરાઈઝ એવન્યુ ફલેટમાંથી તસ્કરો રોકડા અને ઘરેણા મળી કુલ રૂ.1.91 લાખ મતાની ચોરી કરી ગયા હતાં. આ બનાવ અંગેની ફરિયાદ વાપી ડુંગરા પોલીસ મથકે કરવામાં આવી હતી. ડુંગરા પોલીસે 1 ને ઝડપી પાડયો છે અને 3 વોન્ટેડ બતાવ્યા છે. મૂળ યુપી અને હાલ વાપી નજીકના ડુંગરા, પીરમોરા ફળિયા સ્થિત સનરાઈઝ એવન્યુ ફલેટમાં વિનિત અવધેશ તિવારી (ઉં.28) રહે છે. વાપી ડુંગરા પોલીસ ટીમ દ્વારા સીસીટીવી ફૂટેજ, ટેકનીકલ સર્વેલન્સ અને બાતમીદારોના આધારે પોલીસે ઈન્દ્રજીત રમેશ ખેદારૂ રાજભર (ઉં.26, રહે. ગીતાનગર, ટાંકી ફળિયા સ્થિત ચાલી, વાપી મૂળ યુપી)ને ઝડપી પાડયો હતો. પોલીસે અંગઝડતી કરી રોકડા 39,900 અને મોબાઈલ ફોન કબજે લઈ વધુ પૂછતાછ હાથ ધરી હતી. સૂરજ બહાદુર રાજભર, મુકેશ રાજભર અને મનિષ પપ્પુ રાજભર (તમામ રહે. યુપી) સાથે મળી ચોરી કરી હતી. પોલીસે ત્રણેયને વોન્ટેડ બતાવ્યા હતાં.

# હનુમાનબારી ખાતે ભાવવધારાના વિરોધમાં યુવક કોંગ્રેસનું પ્રદર્શન



**પેટ્રોલ - ડિઝલના** વારંવાર ભાવ વધારા થી ઘરેલુ અર્થતંત્ર ખોળવાયું: ધારાસભ્ય

વાંસદાઃ વાંસદા તાલુકા યુવક કોંગ્રેસ દ્વારા પેટ્રોલ-ડીઝલ અને ગેસના વારંવાર ભાવ વધારાના વિરોધમાં વાંસદા - ચીખલીના ધારાસભ્ય અનંત પટેલની આગેવાનીમાં હનુમાનબારી ખાતે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

હાલ વારંવાર પેટ્રોલ , ડીઝલ અને ગેસના વધતા ભાવના વિરોધમાં વાંસદા યુવક કોંગ્રેસ દ્વારા યુવક કોંગ્રેસના પ્રભારી મનપ્રિતસિંઘની ઉપસ્થિતિમાં અને વાંસદા - ચીખલીના ધારાસભ્યની આગેવાનીમાં હનુમાનબારી ખાતે પેટ્રોલ પંપ પાસે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ત્યાંથી રેલી સ્વરૂપે હનુમાનબારી સર્કલ પાસે ઉભા રહી ભાવ વધારો પાછો ખેંચવાના સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. જેમાં ઉપસ્થિત ધારાસભ્ય અનંત પટેલે જણાવ્યું હતું કે વારંવાર પેટ્રોલ ડીઝલના ભાવ વધારાના કારણે ઘર ચલાવવું મુશ્કેલ બન્યું છે. નાના ધંધા રોજગારો ભાંગી પડ્યા છે. પેટ્રોલ ડીઝલના વધતા ભાવથી રોજબરોજની ચીજ વસ્તુઓ મોંઘી થઈ છે. ભાવ વધારો પાછો ખેંચવામાં નહીં આવે તો ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી. આ કાર્યક્રમમાં યુથ પ્રમુખ ધર્મેશ, ઝેબા પઠાણ, પૂરવ, ગૌરાંગ, મયુર , મનીષ, જીતુ, સાવન ઉપસ્થિત રહ્યા હતા.

# દમણથી ચોરાયેલા મોબાઈલ વાપી, વલસાડ, બિહારથી કબજે કરાયા

**દમણ** પોલીસે બે તબક્કામાં 150 મોબાઇલ મૂળ માલિકને પરત કર્યા



દમણઃ સંઘપ્રદેશ દમણ પોલીસે અલગ અલગ વિસ્તારોમાંથી ગુમ થયેલા અથવા તો ચોરાયેલા ફોનની રીકવરી કરી તેને એક કાર્યક્રમ આયોજીત કરી તેના મૂળ માલિકને સુપરત કર્યા હતા.

દમણના પોલીસ હેડ ક્વોટર્સમાં સેકેન્ડ ડ્રાઈવ નામનો એક કાર્યક્રમ આયોજીત કર્યો હતો. જેમાં દમણ શહેરના વિવિધ વિસ્તારમાંથી ગુમ થયેલા અથવા તો ચોરાયેલા મોબાઈલ ફોનને શોધી તેના મૂળ માલિકને પાછો ફોન પરત કરવાનું કાર્ય કર્યું હતું. પ્રદેશના એસ.પી. કેતન બંસલની ઉપસ્થિતિમાં દમણ પોલીસ દ્વારા આજરોજ 70 જેટલા મોબાઈલ ફોન જેની અંદાજીત કિંમત 12 લાખ જેટલી થવા પામે છે તેને મૂળ માલિકને સુપ્રત કરવામાં આવ્યા હતાં. આ અંગે દમણના ડી.વાય. એસ.પી. ગુરૂસેવક સિંહ ધીલ્લો દ્વારા જણાવવામાં આવ્યું છે કે, આ સેકેન્ડ ડ્રાઈવ અંતર્ગત તમામ મોબાઈલ ફોનને જે તે સમયે આપવામાં આવેલી ફરિયાદ બાદ પોલીસની એક ટીમે ટેકનિકલ સર્વેલન્સની મદદથી શોધવામાં આવ્યા છે. મોટાભાગના મોબાઈલ ગુજરાતના વલસાડ જિલ્લાના વાપી અને વલસાડથી રિકવર કરવામાં આવ્યા છે. એટલું જ નહીં પણ આ તપાસના તાર છેક બિહાર સુધી જોડાયેલા હોવાથી દમણ પોલીસની એક ટીમ બિહાર સુધી પણ તપાસ અર્થે પહોંચી હતી અને ત્યાંથી પણ મોબાઈલ ફોન રીકવર કરવામાં આવ્યા છે. પ્રથમ ડ્રાઈવમાં 80 ફોન અને અત્યારના સેકન્ડ ડ્રાઈવમાં 70 ફોન મળી અત્યાર સુધીમાં 150 જેટલા મોબાઈલ ફોન તેના મૂળ માલિકને સુપ્રત કરવામાં આવ્યા છે.